ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*આસામ, બિહાર ને યુપીમાં પૂર આવ્યાં છે,*
*અહીં ડેંગ્યુ અને સ્વાઈનનાં પૂર આવ્યાં છે.*
*ફિતુર ચાલ્યાં, સર્વે-રાહત-સ્વબચાવનાં -*
*તણાય છે પ્રજા, આપત્તિનાં પૂર આવ્યાં છે...*

### હાઈકુ

*બેદરકાર! -*
*સંચાલને 'વિકાસ'*
*ઉતરે પાટા...*

*ચારિત્ર્યહિન*
*સત્તાધીશનો પુત્ર -*
*'વિકાસ' જેલે...*

## ચિંતન

*અશ્વમેધસહસ્ર ચ સત્યં ચ તુલયા ધૃતમ્ ।*
*અશ્વમેધસહસ્રાદ્ધિ સત્યમેવ વિશિષ્યતે ॥*

**ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**એક બાજુ હજાર અશ્વમેધનું પુણ્ય ત્રાજવામાં અને બીજી બાજુ સત્ય મૂકવામાં આવ્યા તો જણાયું કે હજાર અશ્વમેધ કરતાં સત્ય જ વધે છે.**

**જીવન-વ્યવહાર આચરણમાં 'સત્ય'નું મોટું મહત્ત્વ છે સત્યવાદીનો સદાય વિજય થાય છે. (સત્યમેવ જયતે) સત્યની સાથે પ્રામાણિકપણું - નિષ્ઠા - સદાચાર ભેટમાં આવતા સદ્‌ગુણ છે. સત્ય એ જ તમામ ધર્મનો પાયો છે.**

**તમામ શાસ્ત્ર જ્ઞાનનો સાર સત્ય છે.**

## સુવિચાર

- આખા જગતે સત્કાર્યોની ઉપાસના ને ધર્મ માન્યો છે, સત્કાર્યો એ લૌકિક ધર્મ કહેવાય છે - **નીરુબેન અમીન**
- તમારું ઘર પડોશીના ઘરને અડીને આવેલું હોય તો તેના ઘરને આગ લગાડવામાં ડહાપણ નથી - **સ્પેનીશ કહેવત**
- હોઈએ તેના કરતાં વધારે શક્તિશાળી બનવામાં જ મનુષ્યની મહાનતા છે - **જનકલ્યાણ**
- માણસ જન્મે એ સાથે થોડું થોડું મરતો જાય છે, સર્જનાત્મકતા એટલે રમતા પહેલાં થોડું થોડું જીવી લેવું - **એરિક ફ્રોમ**
- અન્યાયના પાપનો એક જ જવાબ છે કે એના મૂળને ઊખેડી નાખવું - **મેઘાણી**
- પુસ્તકો તો બરફ ભાંગવાની હથોડી જેવાં હોવા જોઈએ જે આપણી ભીંતર થીજી ગયેલા દરિયાને ભેદી શકે - **ફ્રાંસ કાફકા**
- આજનું ઔષધ : આંજણી આંખ પર થાય તો તેના પર સિંદૂર લગાડવાથી ફાયદો થાય છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

## બોધકથા

પિતા પુત્ર ગાડીમાં ફરવા નીકળ્યા હતા. પિતા પાસે અલ્ટો હતી. દીકરો બાજુમાં બેઠો હતો. હાઈવે પર ૮૦ કિ.મી.ની ઝડપે જતી અલ્ટીની ઓવર ટેઈક કરનારી મર્સીડીસ, હોન્ડા, સ્કોડા જોઈ પુત્રે પિતાને કહ્યું, 'તમે બહુ ધીમી ચલાવો છો જરા લીવર દબાઓ આપણે આ મોટી ગાડીઓને પાછળ પાડી દઈએ...' પિતાએ કહ્યું, 'બેટા, એ શક્ય નથી કારણ કે એ બધી જ ગાડીઓ આપણી અલ્ટો કરતા ઘણી પાવરફુલ છે. વળી જો આપણે એમની હરિફાઈ કરવા જોઈએ તો આપણી ગાડીને જ નુકશાન થાય, બીજુ તારે એ પણ જોવું જોઈએ કે આપણી આગળ ભલે ગમે એટલી ગાડીઓ નીકળી ગઈ પણ હજી આપણી અલ્ટો કરતાં ઓછી કેપેસીટીની ઘણી બધી ગાડીઓ આપણી પાછળ રહી ગઈ છે.'

ત્યારે પુત્રએ પિતાને સમજાવતા કહ્યું, 'પપ્પા, આપ કેટલા સમજું છો એક ગાડીની સરખામણી બીજી ગાડી સથે ન થઈ શકે એ આપ ખૂબ સારી રીતે જાણો છો. તો પછી મારી સરખામણી બીજા અતિ હોંશિયાર વિદ્યાર્થીઓ સાથે કરીને મને કેમ સતત ટોક્યા કરો છો? હું એ લોકોની સાઈડ કાપવા જઈશ તો મને પણ નુકશાન ન થઈ શકે?' અને મારી આગળ નીકળી ગયેલા વિદ્યાર્થી આપને દેખાય છે પણ હું બીજા ઘણા કરતાં આગળ છું.'

પિતાએ પુત્રની વાત સાંભળી પુત્રની ક્ષમતાનું જ્ઞાન થયું.

# દખ્ખણમાં બદલાતાં રાજકીય રંગ

**તંત્રીસ્થાનેથી...**

તામિલનાડુમાં અન્નાદ્રમુકનાં ઝઘડતાં જૂથો 'અમ્મા'ના નામે એક થયાં અને પલામીસામી જેવા શશીકલાના કહ્યાગરા નેતા શશીકલાના પ્રખર વિરોધી પીનર સેલવમને ઉપમુખ્યમંત્રી ઉપરાંત પાર્ટીના સંયોજક તરીકે સ્વીકારવા સહમત થયા તે વર્તમાન રાજકારણની તાસીરનો નાદર નમૂનો છે. રાજકારણાં સેવા કે સિદ્ધાંત કરતાં સત્તા જ કેન્દ્રસ્થાને રહે છે, તે બાબત ગુજરાતમાં ખોવાયેલા આયારામ-ગયારામ શૈલીના રાજકારણમાં પણ ઉડીને આંખે વળગે એ હદે વ્યક્ત થઈ હતી. અમ્માના હુલામણા નામે ઓળખાતા જયલલિતા જયરામના અકાળ અવસાનથી નેતૃત્વનો દુકાળ અનુભવતા પ્રાદેશિક પક્ષમાં જયલલિતાનાં સખી શશીકલાએ સંપૂર્ણ સત્તા અંકે કરવાના ધમપછાડા કર્યા હતા અને મુખ્યમંત્રી પદે પણ આરૂઢ થવાની કોશિશ કરી હતી, પરંતુ ભ્રષ્ટાચાર ઉપરાંત અમ્માના શંકાસ્પદ મૃત્યુ પાછળ પણ શશીકલાનો અદૃશ્ય હાથ હોવાના વાવર હતા. અત્યારે શશીકલા જેલની હવા ખાય છે અને રાજકીય રીતે એમનું સમર્થન દેખીતાં કારણોસર ઘટી ગયું છે. આવી સ્થિતિમાં દક્ષિણ ભારતમાં પગપેસરો કરવા માગતા ભગવા પક્ષને માટે જબરદસ્ત અનુકૂળતા સરજાઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમના સૂત્રો મારફત તેમજ વર્તમાન મુખ્યમંત્રી સાથે સીધા સંપર્ક દ્વારા અન્નાદ્રમુકનાં બાખજતાં જૂથોને ભેગાં બેસાડવામાં સફળતા મેળવી છે, એટલું જ નહીં, સંયુક્ત બનેલાં જૂથો અમ્માના નામે એક થાય છે અને શશીકલાને પાર્ટીનાં મહામંત્રી તરીકે રૂખસત આપવા પણ સહમત થાય છે, તો પણ વર્તમાન સત્તાલક્ષી રાજકારણની તાસીર અને તસવીર રજૂ કરનારી ઘટના છે. અમ્મા હવે આ દુનિયામાં નથી, એટલે કેન્દ્ર સામે લટકતી તલવાર જેવું વર્તન રાખવાનું આ વામણા નેતાઓનું ગજુ પણ નથી રહ્યું. એમને કેન્દ્રમાં સત્તાધારી પાર્ટીની રહેમનજરમાં જ રહેવું પડે એમ છે. એ સિવાય ગમે તે ક્ષણે રાજયપાલ પાસેથી અહેવાલ મંગાવી કેન્દ્ર રાષ્ટ્રપતિ શાસન સ્થાપી શકે, જે આ પ્રાદેશિક નેતાઓને સાવ જ સત્તાવિહોણા બનાવી શકે. આવા સંજોગોમાં કેન્દ્ર સાથે મીઠા સંબંધો જાળવવાની વણિકનીતિ અપનાવવી જરૂરી ગણાય. બેઉ ઝઘડતા નેતાઓને મોદીની મધ્યસ્થીએ એક મંચ પર આવવાની ફરજ પાડી છે અને અત્યાર સુધી એનડીએ તેમજ યુપીએ - બેઉ સાથે સલામત અંતર જાળવતો આ દક્ષિણનો પ્રાદેશિક પક્ષ હવે એનડીએનો ઘટક બની ગયો છે. સંતાકૂકડીની જેમ તામિલનાડુમાં એનડીએ અને યુપીએ સાથે બેઉ દ્રવિક પ્રાદેશિક પાર્ટીઓ વારાફરતી સત્તા પર આવતી રહી છે. મનમોહનસિંહના નેતૃત્વ હેઠળની યુપીએ સરકારમાં દ્રમુકના કેટલાક કેન્દ્રીય મંત્રીઓનાં ભ્રષ્ટાચારનો મુદ્દો ખૂબ ચગ્યો હતો, જે એથીય સવાયા ભ્રષાચારના આરોપોવાળાં જયલલિતાને ફળ્યો હતો. કેન્દ્રની સત્તાધારી ભગવી પાર્ટી માટે હવે ભ્રષ્ટાચાર એ કોઈ મુદ્દો જ નથી રહ્યો ત્યારે આ સત્તાધારી પ્રાદેશિક પાર્ટી સાથેનું ગઠબંધન એનો પગદંડો દક્ષિણના હિંદુત્વ વિરોધી તમિળ પ્રદેશમાં જમાવવાની તક પૂરી પાડશે, એવી શક્યતા નકારી શકાય એમ નથી. જો કે પ્રજા આ મુદ્દે ભાજપ જેવા હિંદુત્વવાદી પક્ષ સાથે બેસવાનું પસંદ કરશે કે કેમ તે પ્રશ્ન જ રહેશે.

# ધીરજ અને સમજાવટનો રસ્તો યોગ્ય




પુનમ પિયર આવી હતી. તેની નવી ભાભી તેના માટે ચ્હા લઈને આવી. પુનમે ભાભી તરફ જોયું. તે જાણે કે પોતાનો આત્મવિશ્વાસ ટકાવી રાખવા માંગતી હતી. પરંતુ તે ડગમગી રહ્યો હતો. ટેબલ પર ટ્રે રાખતી વખતે કપમાંથી ચ્હા છલકાઈ ગઈ. મમ્મીએ તેને ધમકાવી. 'વહુ તારાથી એકેય કામ સારી રીતે નથી થતું? અરે ! આ તો પુનમ હતી, વિચાર કર બીજું કોઈ હોત તો તારી આ બેદરકારી અને ફૂવડપણાં અંગે શું વિચારત, શું તું તારા ઘરમાં પણ આ રીતે કામ કરતી હતી? કયારેય તારી માં એ શિખવ્યું નથી કે કામ કઈ રીતે થાય? એવી ઉતાવળ શું હોય ?' નવી વહુ માથું નીચું રાખી જવા લાગી.

'ભાભી અહીં બેસો.' પુનમે ભાભીનો હાથ પકડી બેસાડી દીધી. ગભરાતી સંકોચ સાથે વહુ બેસી ગઈ.

'હાં, બેટા પુનમ તું મને કહે તારી સાસુ તને હેરાન તો કરતી નથી ને?'

'ના, મમ્મી બિલકુલ નહીં'

'જોયું, આને કહેવાય સંસ્કાર, મેં તેને દરેક કામ ખુબ ચીવટથી અને પદ્ધતિસર કરવાની આદત પાડી છે. તારી સાસુના નસીબ ઉઘડી ગયા કે તેને તારા જેવી સમજદાર વહુના રૂપે મારી દીકરી મળી છે.' મમ્મીએ વહુની તરફ જોતાં કહ્યું, 'જો ને, મારી હાલત કેવી છે. આ મારે લમણે લખાઈને આવી છે.'

પુનમે ભાભીની તરફ જોયું. તેની આંખો ભીની થઈ ગઈ હતી. તેણે ભાભીના આંસુને ગાલ પર આવવા દીધાં નહીં. હાથ લાંબો કરી લુંછી દીધાં. મમ્મી હુંકાર કરીને રહી ગઈ.

પુનમ બોલી 'મમ્મી સાંભળ, મારી સાસુ ખુબ જ સમજદાર છે. કંઈ વાતને કયારે અને કઈ રીતે કહેવી તે તેને સારી રીતે આવડે છે.'

'એટલે ?'

'મમ્મી, શું તને એમ લાગે છે કે મારાથી ત્યાં કોઈ દિવસ કોઈ ભૂલ થઈ જ નહીં હોય? તને કહું જયારે હું નવી નવી હતી ત્યારે મારા સાંસુની બે બહેનપણીઓ આવેલી. હું તેમના માટે ટ્રેમાં પાણીના ગ્લાસ મુકીને લઈ ગયેલી. મારાથી પણ ટેબલ પર ટ્રે મુકતાં એક ગ્લાસમાંથી પાણી છલકાયું. પાણી વહેવા લાગ્યું.'

'પછી... તારી સાસુએ તને ખુબ ધમકાવી નાંખી હશે ખરું ને?' બની ગયેલી ઘટના ને આજે જાણી માં ગભરાઈ ગઈ.

'ના, મમ્મી બિલકુલ નહીં.' તેમણે તો કહ્યું, 'બેટા, સારી રીતે ખાવા પીવાનું રાખો તો હાથમાંથી વાસણ છટકી જાય નહીં.'

આ સાંભળી વાતાવરણમાં સહજ હાસ્યનું મોજું ફરી વળ્યું. પછી સાસુમાં એ મારા માથે પ્રેમથી હાથ ફેરવી કહ્યું, 'બેટા, જા આરામ કર, સવારથી કેટલું કામ કરે છે.' ખરેખર તો મમ્મી હું સવારે મોડી ઊઠી હતી. હું જવા લાગી ત્યારે સાસુમાંના શબ્દો મારા કાને પડ્યા. 'નવી નવી છે. ધીરે ધીરે બધું બરાબર થઈ જશે. નવી જગ્યા, નવા લોકો વચ્ચે એડજેસ્ટ થતાં વાર તો લાગે જ ને, ધીરે ધીરે સમજાવીને પ્રેમથી પારંગત કરી દઈશ.'

તેણે માંની તરફ જોયું. અને તે પણ સમજી ગઈ કે સાસુની ઉતાવળ પર બરાબર ન હતી. તેને તેનું પ્રમાણ મળી ગયું હતું. મમ્મીએ પણ ભાભીના માથે હાથ ફેરવ્યો. ભાભીની આંખમાંથી તે વખતે બે મોતી સરકી પડ્યાં હતા. પુનમે આ વખતે તેને વહેવા દીધાં. હાં તેણે અનુભવ્યું કે આ વખતે મમ્મીની આંખો પણ ભીની થઈ ગયેલી હતી, તેને મમ્મી ભાભીની સાસુ નહીં પણ માં રૂપે દેખાવા લાગી. તેને હવે વિશ્વાસ પડી ગયો.

# જીવનમાં સ્વાભિમાન હોય, અભિમાન નહીં




શ્રીમદ્ ભાગવત્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે 'સર્વધર્માન્ પરિત્યજ્યે મામેકમ્ શરણમ્ ભજ:' અર્થાત્ બધા ધર્મોનો ત્યાગ કરીને તું મારી શરણમાં આવ. બધા સંશય અને બધી મોહ-માયાનો ત્યાગ કરવા પણ ભગવાન કહે છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે જીવનમાં સ્વાભિમાન હોય પરંતુ અભિમાન તો કદાપિ નહીં. અભિમાન જ વ્યક્તિનો અંગત શત્રુ છે. જે વ્યક્તિને કોરી ખાય છે, મારી નાખે છે, યાને પરાસ્ત કરી દે છે.

કુરુક્ષેત્રના રણમેદાનમાં મહાભારતનું યુદ્ધ ચાલી રહ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણ પોતાના પરમસખા અર્જુનના સારથિ બન્યા છે. ધર્મ વિરુદ્ધ અધર્મનું યુદ્ધ ચાલી રહ્યું છે. સામસામે છાવણીઓ બંધાયેલી છે. દરરોજ સૂર્યોદય સાથે યુદ્ધનો આરંભ થાય અને સૂર્યાસ્ત સાથે યુદ્ધવિરામ થાય. જ્યારે જ્યારે અર્જુન હરીફો પૈકી કર્ણને નિશાન બનાવે અને બાણવર્ષા કરે ત્યારે ત્યારે કર્ણનો રથ ઘણો જ પાછળ જતો રહે છે. બીજી તરફ જ્યારે કર્ણ તીર છોડે છે ત્યારે અર્જુનનો રથ માત્ર સાતેક પગલાં જ પાછળ પડે છે.

**શ્રેષ્ઠતાના મદમાં રાચતા અર્જુનનું અભિમાન ભગવાન શ્રીકૃષ્ણની વાત સાંભળીને ચકનાચૂર થઈ જાય છે, અર્જુનને પોતાની શક્તિના ગર્વનો અહેસાસ થાય છે અને પોતાની ભુલ સમજાય છે, અર્જુન પોતાનું સર્વસ્વ ત્યાગીને ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં નતમસ્તક થઈ જાય છે**

ભગવાન શ્રીકૃષ્ણ આ વખતે અર્જુનની પ્રસંશા કરવાના બદલે દર વખતે કર્ણને બિરદાવતા કહેતા કે ''કેટલો વીરપુરુષ છે, આ કર્ણ, કે જે આપણા રથને સાતેક પગલાં પાછો પાડી દે છે.''

આ સાંભળીને અર્જુન પરેશાન થઈ જાય છે. તેને ભગવાન ઉપર પણ સંશય થઈ આવે છે કે ભગવાન મારી બાણવિદ્યાના વખાણ કરવાના બદલે મારા હરીફના વખાણ કેમ કરે છે.

એક વાર તો અસમંજસની સ્થિતિમાં અર્જુને પુછી જ લીધું કે ''હે પ્રભુ, તમે મારી સાથે આવો પક્ષપાત કેમ કરો છો? મારા પરાક્રમની આપ નોંધ પણ લેતા નથી અને આપણા રથને માત્ર સાતેક પગલાં પાછળ ધકેલી દેનાર કર્ણના આપ દર વખતે વખાણ કરો છો, આમ કેમ?''

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે ''હે પાર્થ, તને ખબર નથી કે તારા રથ ઉપર મહાવીર હનુમાન અને હું એટલે કે સ્વયં ભગવાન વિષ્ણુ બિરાજમાન છીએ. જો અમે બે ના હોય તો તારા રથનું અત્યારે અસ્તિત્વ પણ રહ્યું ન હોય, કેમ કે એટલી ગતિ અને શક્તિથી કર્ણના બાણોનો હુમલો આ રથ ઉપર થાય છે. સાક્ષાત બજરંગબલી હનુમાનજી અને હું સ્વયં હોવા છતા કર્ણના બાણ આ રથને સાત પગલાં તો પાછળ ધકેલી જ દે છે, એ બાબત કર્ણના મહાબળવાન હોવાનો સંકેત છે, ધનુર્ધર.''

અર્જુન તો આ સાંભળીને પોતાની અસમર્થતા જાણીને સંકોચ અનુભવવા લાગ્યો. આ તથ્યને અર્જુન વિશેષ ઊંડાણપૂર્વક ત્યારે સમજ્યો કે જ્યારે યુદ્ધ સમાપ્ત થયું. પ્રત્યેક દિવસે સાંજ પડે અને યુદ્ધવિરામ ઘોષિત થાય ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ રથમાંથી સૌપ્રથમ ઉતરીને પોતાનો સારથિધર્મ બજાવીને અર્જુનને ટેકો આપીને રથ ઉપરથી નીચે ઉતારે છે.

યુદ્ધમાં વિજય મળ્યો ત્યારે યુદ્ધના છેલ્લા દિવસે ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને અનુરોધ કર્યો કે ''હે પાર્થ, આજે હવે રથમાંથી સૌપ્રથમ તમે નીચે ઉતરો અને રથમાંથી ઉતર્યા બાદ દૂર જઈને ઉભા રહો તથા મારી પ્રતીક્ષા કરો.''

અર્જુન ભગવાનની આજ્ઞાનું પાલન તો કરે છે, પરંતુ તેને આ સાંભળીને નવાઈ જરુર લાગે છે. અર્જુન જોઈ રહ્યો છે કે પોતાના ઉતર્યા બાદ ભગવાન શ્રીકૃષ્ણ જેવા રથમાંથી નીચે ઉતરે છે કે તરત જ સમગ્ર રથ પ્રચંડ વિસ્ફોટના ધડાકા સાથે બળીને ભસ્મ થઈ જાય છે. આ જોઈને અર્જુન તો આશ્ચર્યચકિત થઈ જાય છે.

અર્જુનની આંખોમાં કૌતુકભર્યા સવાલને પામી જઈને ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે ''હે પાર્થ, તારો રથ તો યુદ્ધમેદાનમાં ક્યારનોય બળીને ભસ્મ થઈ ચૂક્યો છે. ભીષ્મપિતામહ, ઋષિમુનિ આચાર્ય કૃપાચાર્ય, ઋષિમુનિ આચાર્ય દ્રોણાચાર્ય અને મહાબળવાન કર્ણના દિવ્યાસ્ત્રોથી તારો રથ તો નષ્ટ થઈ ચૂક્યો છે. આ તો મારા સંકલ્પબળથી રથને યુદ્ધની સમાપ્તિ સુધી જીવિત રાખ્યો. જેનું હમણા તારી નજર સામે જ વિસર્જન કર્યું છે.''

પોતાની શ્રેષ્ઠતાના મદમાં રાચતા અર્જુનનું અભિમાન ભગવાન શ્રીકૃષ્ણની વાત સાંભળીને ચકનાચૂર થઈ જાય છે. અર્જુનને પોતાની શક્તિના ગર્વનો અહેસાસ થાય છે અને પોતાની ભુલ સમજાય છે. અર્જુન પોતાનું સર્વસ્વ ત્યાગીને ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં નતમસ્તક થઈ જાય છે. પોતાના મસ્તક પરથી અભિમાનનો વણજોઈતો બોજ ઉતારીને હવે તે હલકાપણું અનુભવી રહ્યો છે.


સ્વાભિમાન અને અભિમાન એ પરસ્પર વિરોધી દશા અને દિશા છે. દરેક વ્યક્તિને પોતાનું આગવું સ્વાભિમાન હોય અને હોવું જ જોઈએ. જે સ્વમાન દરેક વ્યક્તિની ઓળખ અને સ્વમાન વ્યક્તિની પૂંજી છે. પરંતુ વ્યક્તિને એ બાબતનું વિવેકભાન રહેવું જોઈએ કે સ્વાભિમાન કદીક અભિમાનમાં ના ફેરવાઈ જાય. સ્વાભિમાન વ્યક્તિની ગરિમાને ગૌરવ અપાવે છે. પરંતુ અભિમાન તો વ્યક્તિનો છુપો દુશ્મન જ છે કે જે વ્યક્તિને હંમેશા આંતરયુદ્ધ કે બાહ્યયુદ્ધમાં પરાસ્ત કરાવે છે, કાયમ હરાવે જ છે. આપણે આપણી સાથે જોડાયેલી દરેક બાબતનું સ્વાભિમાન અવશ્ય રાખીએ, પરંતુ અભિમાન તો કદાપિ નહીં.

**જસ્ટ ટ્વીટ :**

''અભિમાન જીવનમાં કષ્ટ જ આપે છે. અહંકાર છોડો પરંતુ સ્વાભિમાન માટે તો લડતા જ રહો.''

**- ગાંધીજી**

# સમસ્યાનું પ્રેમગીત...!! સોનુઉઉ, તને મારા પર ભરોસો નઈ કે... નઈ કે...!!






સોનુઉઉ... તુલા માયા વર ભરોસા નાય કા... છેલ્લા એક મહિનાથી આ મરાઠી ગીતે ધૂમ મચાવી છે. આ ગીત અત્યંત વાયરલ થયું છે. મરાઠીનાં પ્રસિદ્ધ થયેલા અને ગાવામાં મજા પડે એવાં આ ગીતનાં ગુજરાતી, મારવાડી, હિન્દી, હરિયાણવી, સુરતી, કચ્છી જેવા વર્ઝન થઈ ચૂક્યા છે.

સોનુનાં ગીત પછી તો એક વાત તો માનવી જ પડે કે સોનુએ દરેક સમસ્યાને પ્રેમથી ગીત ગાતાં કરી દીધાં છે. આજે સવારે જ જોયેલું ગણપતિદાદાની માટીની મૂર્તિ, ડૉબ્લી સાઉન્ડ, ટ્રાફિક પ્રદૂષણ વગેરે સમસ્યા માટે દસ-બાર મરાઠી બહેનોના ગ્રુપે બનાવેલું અને સચોટ ફરિયાદ સાથે હલ બતાવતું ગીત સાંભળતાં જ સ્પર્શે અને એવું કરવા પ્રેરે એવું બન્યું છે જે વોટ્સએપમાં ફરતું થયું છે...

સમુદ્ર કિનારે એકબીજાના હાથમાં હાથ લઈ બેઠેલા બે પ્રેમીઓ, સૂર્ય સામે એકટક જોયાં કરે અને પોતાની રંગીન દુનિયાની કાલ્પનિકતામાં ખોવાઈ જાયું... હું તારા માટે આ કરીશ, અને હું તારા માટે તે કરીશ એવાં વચનો અપાય. કેટલીક વાતો શક્ય હોય તો કેટલીક દિવાસ્વપ્ન જેવી, ત્યારે આ કેવી રીતે પોસિબલ થશે ? એવો પ્રશ્નાર્થ ચિહ્ન આવે એટલે પેલું વાક્ય આવે, 'તને મારા પર ભરોસો નઈ કે?'

અને પ્રેમમાં ગળાડુબ એ યુગલ આંખોમાં આવેલા અશ્રુને જોઈ નિઃશબ્દ પણે આજુબાજુની દુનિયા ભૂલીને એકબીજાને ભેટી પડે, અને

**ગણપતિની મૂર્તિ છે માટીની, માટીની,**
**પીઓપીની મૂર્તિ શું, કામની, કામની?**
**ગણપતિનું પેટ કેવું, ગોળ, ગોળ...**
**સોનું તું પીઓપીની, પોલ ખોલ!**
**સોનું ! તને મારા પર ભરોસો નઈ કે...**

એકબીજા પર ભરોસો હોવાની રિસિપ્ટ આપી દે... આ પ્રેમની બાબતમાં થયું પણ 'ભરોસા'ની વાત દરેક ઠેકામે જોવા મળે છે. ભરોસો એટલે ખાત્રી, વિશ્વાસ, પ્રોમીસ... જવાબદારીનું આ ભાન કયારેક કહેતા કે ન કહેતાં પણ વ્યકત્ થતું હોય છે. ભરોસો આમ પ્રત્યક્ષ કયાંક દેખાતો નથી, અને છતાંય આપણે મૂકવો પડતો હોય છે!

ઑફિસથી પાછા ફરતાં પપ્પા બાળક માટે ચોકલેટ લાવશે એ બાળકનો ભરોસો... ઑફિસમાં બોસ પ્રમોશનનો ભરોસો આપે છે... રાજકારણી લોકો વિકાસનો ભરોસો આપે છે... મિત્ર મદદનો અને ડૉકટર દવા અસર કરશે નો ભરોસો આપે છે... મંદિરમાં ભગવાન સામે ઈચ્છિત ફળ પ્રાપ્તિ થશે એ ભરોસો શિશ ઝુકાવીએ છીએ અને પૂજારી પણ અમુક-તમુક પૂજા કરશો તો સુખ - સમૃદ્ધિનો ભરોસો આપે છે... હવે, આ ભરોસાનું કયાંય રજીસ્ટ્રેશન નથી થતું, કારણ જો એવું થાય તો એના નિયમ કે કાયદા બની જાય... એટલે પ્રેમભાવથી ભરોસાનું ભજન બધા જ પોતપોતાની રીતે વગાડતાં હોય છે!

'સોનુ, તને મારા પર ભરોસો નઈ કે...'નું ગીત છેલ્લા મહિનાથી અત્ર-તત્ર-સર્વત્ર થઈ ગયું છે. અજય ક્ષિરસાગરે લખેલું અને સંગીતબદ્ધ કરેલું, ભાગ્યશાળી ક્ષિરસાગર અને એનાં સાથી મિત્રોએ ગાયેલા આ ગીતે ગજબ કર્યો છે. યુ ટ્યુબ પર જો આ ગીતને સર્ચ મારશો તો દરેક વીડિયોને લાખો દર્શક મળ્યાં છે. ઓડિયોથી ફેમસ થયેલા આ ગીતને એક કૉલેજ ગ્રુપે વીડિયો બનાવી અપલોડ કર્યો, અને એ એવો તો ચાલ્યો કે એનાં જેવા બીજા ગ્રુપ બનતા ગયા અને દરેક પોતે સેલ્ફી કેમેરાથી વીડિયો બનાવી રેકોર્ડ કરીને યુ ટ્યુબ પર ચઢાવતાં ગયાં.

'સોનું....' આ ગીત ગાવાની સ્ટાઈલ પણ જોરદાર છે. એમાં એક મુખ્ય ગાયક વચ્ચે બેસે કે ઊભો રહે અને બાકીના દસ-બાર જણાં એની આજુબાજુ ગોઠવાઈ જાય. કેમેરાને પણ સેલ્ફી એન્ગલથી સેટ કરી દેવાય એટલે બીજી કોઈ માથાકુટ નહીં. મુખ્ય ગાયક મહત્ત્વની લીટીઓ ગાય અને બાકીના માત્ર છેલ્લો શબ્દ ડોક હલાવીને ગાય, જેમ કે ડસ્ટબીનનો આકાર કેવો ગોળ ગોળ...' ની પાછળ કોરસવાળા માત્ર ડોક હલાવીને 'ગોળ... ગોળ...' એટલું જ બોલશે... આ બધું એટલું સહજ અને એનર્જીથી થાય કે યુવાનોને મોજ પડી જાય... અને એટલે જ ટૂંક જ સમયમાં બનેલું ગીત ફેમસ બની જાય... આ ગીત ઘરમાં, સ્કૂલ, કૉલેજ, પિકનિક, ઑફિસ, ટ્રેમ, ટ્રેકિંગ, મહિલા મંડલ, કિટ્ટી પાર્ટી, લગ્ન, પતિ-પત્ની, ઑરકેષ્ટ્રા... જેને જયાં મેળ પડે ત્યાં રેકોર્ડ કરી ઈન્ટરનેટ પર ચઢાવી જલસા કરે છે!

'સોનું... તને મારા પર ભરોસો નઈ કે...' આ ગીતની મજા એ છે કે એ વિવિધ ભાષા અને બોલીમાં તો બન્યું જ છે પણ એટલામાં જ અટકી ના પડતા હવે લોકોએ પોતાના શબ્દો ગોઠવીને નવા ગીતો બનાવવાં શરૂ કર્યાં છે અને ખાસ તો વિવિધ સમસ્યાને એમાં આવરી લઈને એનાં પ્રેમગીતો બનાવવાં લાગ્યાં છે... એ લોકો માત્ર પ્રેમગીત કે રમુજી ગીતો સુધી ના અટકતાં તકલીફ, વ્યવસ્થા, સરકાર, ફિલ્મ, નેતા કે પછી બીજું ગમે તે એ વાતને શબ્દોમાં ગોઠવી વ્યવસ્થિત વિરોધ નોંધાવે છે. એનો પહેલો દાખલો એટલે

અનુસંધાન પાના નં. ૭ પર